# નવકારના પદ

● નમસ્કાર સૂત્રમાં ૬૮ અક્ષર છે. મૂળ ૫ પદના ૩૫ અક્ષર અને ૪ ચૂલિકાના ૩૩ અક્ષર મળીને કુલ ૯ પદ અને ૬૮ અક્ષર થાય છે.

● શ્રી દિગંબર સંપ્રદાયમાં પ્રાય: નીચે મુજબ જોવામાં આવે છે.

(૧) 'અરિહંતાણં' ની જગ્યાએ 'અરહંતાણં', 'અરૂહંતાણં' કહે છે.

(૨) 'નમો લોએ સવ્વસાહૂણં' ને બદલે 'ણમો સવ્વસાહૂણં' કહે છે.

(૩) 'નમો આયરિયાણં'ને બદલે 'ણમો આઈરિયાણં' કહે છે.

(૪) 'નમુક્કારો'ને બદલે 'ણમો યારો' કહે છે.

(૫) 'હવઈ' ને બદલે 'હોઈ' કહે છે.

(૬) 'ન' ને બદલે 'ણ' કહે છે.

● શ્રી દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં "મૂલાચાર" ગ્રંથમાં ૫૧૪મી ગાથા નીચે મુજબ છે.

એસો પંચ નમોયારો　　સવ્વપાવપણાસણો

મંગલેસુ ય સવ્વેસુ　　પઢમં હવદિ મંગલં

● શ્રી મહાનિશીથ નામના શ્રુતસ્કંધમાં નવ પદનો ઉલ્લેખ છે. આ શ્રુત શ્રી હરિભદ્રસૂરિમહારાજશ્રીએ લખ્યુ છે.

● "ચેઈયવંદણમહાભાસ"માં કહ્યું છે.

±<Ý Çn „çn Ý±Ð² Ý±ÜÚ¢Úï ¥n „æÐ²¢ ¼Ýƒ J

„xx¢„æÐ² Ð²¹⁄₄éÌ¢ „œ¢ÚÜÚ¶ÚÚ ¥n}¢è ÎéÐ²¢ JJ

નમસ્કાર મંત્રમાં ૬૮ અક્ષર, ૯ પદ, ૮ સંપદા છે.

● "નમસ્કારપંજિકા"માં કહ્યું છે.

Ðæ™Ð²¢‡¢Ð‡¢¹⁄₄ê„ ±‡‡¢ ™êH¢§ü±‡‡¢¹⁄₄ïœ¢è„æJ

»±æ§ü}¢¢ï „}¢ÐÇ¹⁄₄ÈÚÉÇ }¢ÜÚ¶Ú¥n„nè» JJ

૫ પદના ૩૫ અક્ષર અને ૪ ચૂલિકાના ૩૩ અક્ષર છે.

આ રીતે નવકારના કુલ ૬૮ અક્ષર અને પદ ૯ બતાવેલ છે.

● વજ્રસ્વામીના મહાનિશીથ સૂત્ર

તેની અંદર નવકારને નવપદ, આઠ સંપદા, અને અડસઠ અક્ષરવાળો કહ્યો છે.

● ઉપદેશ તરંગિણિમાં કહ્યું છે.

તેના મુજબ નવકાર મંત્રની પ્રથમ પાંચ પદ પંચતીર્થી કહી છે. ૬૮ અક્ષરને ૬૮ તીર્થ કહ્યા છે. અને ૮ સંપદાને અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિ કહી છે.

jainuniversity.org

# નવકારના નામ

● નવકારને **વરમંત્ર, પરમમંત્ર, સિદ્ધમંત્ર** કહેવાય છે.

● શ્રી જયસિંહસૂરિ મહારજે **ધમ્મોવ એસવિવરણ માલામાં "પંચ નમોક્કારો મહામંતો"** કહ્યું છે.

● શ્રી જિનકીર્તિસૂરિ મહારાજે **નમસ્કાર મંત્ર કલ્પ સ્વો પજ્ઞવૃત્તિ**માં **પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર કહેલ છે.**

● શ્રી લાભકુશલજી મહારાજે **સકલમંત્ર શિરમુકુટ મણિ** કહ્યું છે.

● ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ, શ્રી હર્ષ વિજયજી મહારાજે પણ નવકારને **મહામંત્ર** કહ્યો છે.

● જિન આગમ શ્રુત કહેવાય છે. કારણ કે આગમનું જ્ઞાન કાને સાંભળીને સંચીત કરેલું છે. શ્રુતનો સમુદાય એટલે શ્રુતસ્કંધ. **"નવકાર મહાશ્રુતસ્કંધ"** તરીકે ઓળખાય છે.

● શ્રી હરિભદ્રસૂરિ મહારાજ **"યોગબિન્દુ"**માં નવકારને **"મહામૃત્યુંજય"** કહે છે.

● સર્વ તત્ત્વોમાં શ્રેષ્ઠ હોવાથી **"મહાતત્ત્વ"** કહે છે.

● વ્યવહારમાં નામ

**શ્રી નમસ્કાર મંત્ર**

● લોકોના હૈયે બોલાતું નામ

**શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય, શ્રી સાધુ**–એ પંચ પરમેષ્ઠિઓને નમવાની ક્રિયાનું નામ **શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર** કહેવાય છે.

● જેના નવ પદ છે, જેમાં ૯ ક્રિયા છે તેને **શ્રી નવકાર મંત્ર** કહેવાય છે.

● વધારાના નામ

**જૈન શાસ્ત્રોમાં અનેક નામનો પ્રયોગ થયેલ છે. જેમ કે–**

| | |
|---|---|
| **પંચ મંગલ** | **પંચ નમસ્કાર** |
| **ગુઢમંત્ર** | **નમસ્કાર સૂત્ર (નમુક્કારો)** |
| **નમોક્કાર** | **પંચ નમોક્કાર** |
| **પંચમંગલ મહાશ્રુતસ્કંધ** | **જિનનમસ્કાર** |
| **અઘમર્ષણ** | |

# પંચ નમસ્કાર સૂત્ર

● દરેક ધર્મને એક મંત્ર હોય છે. જૈન ધર્મનાં નમસ્કાર મંત્ર મહામંત્ર છે.

● નવકાર મંત્રમાં નવમાનો ભાવ છે. નમવું એટલે સમર્પણ. આ મહામંત્રનું રટણ, જાપ, ધ્યાન કરવાથી વ્યક્તિમાં ફેરફાર થઈ જાય છે.

• અદ્ભુત વાત તો એ છે કે આ મહામંત્રમાં કોઈ વ્યક્તિનું નામ નથી. મહાવીર પણ નહિ. જૈન પરંપરાનું પણ કોઈ નામ નથી. અરિહંત એટલે એક વ્યક્તિ જેને અમુક ગુણો છે. એટલે કે આ નમસ્કાર કોઈ ખાસ વ્યક્તિ માટે નથી. પરંતુ વિરાટને નમસ્કાર છે.

• વિશ્વના કોઈ ધર્મમાં આવો મહામંત્ર નથી, જેમાં સર્વ વ્યાપી, સર્વ સ્પર્શી, વ્યક્તિને મહત્વ ન હોય પરંતુ ગુણ ઉપર ધ્યાન આપેલ હોય. આ મંત્ર અનોખો છે. બેજોડ છે. જેમાં માત્ર ગુણને જ મહત્વ છે.

• આ નમસ્કારમાં કોઈ દિશા, કોઈ ખૂણો બચ્યો નથી. બધી બાજુએ નમસ્કાર છે. જે અરિહંત છે, જે સિદ્ધ છે, જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ છે તે સર્વને નમસ્કાર છે.

• બીજા મંત્રનો ઉપયોગ મોહ, ધન મેળવવા, રોગ નિવારણ વગેરે માટે છે, એટલે લૌકિક મંત્ર કહેવાય.

• જ્યારે નવકાર મંત્ર આત્મશુદ્ધિ અને મોક્ષ પ્રાપ્તિ જેવા લોકોત્તર કાર્યો માટે થાય છે તેથી નવકાર લોકોતર મંત્ર છે.

• આ વિશ્વમાં કોઈ મંત્ર એવો નથી જેમાં પાંચ મહાન શક્તિ એકી સાથે કામ કરતી હોય માત્ર નમસ્કાર મંત્રમાં છે. આથી અલ્પ પ્રયાસે આ મંત્ર સર્વ ઈચ્છા પુરી કરે છે.

પેઈજ નં.૨૪

• બીજા મંત્રો એક દેવને અનુલક્ષીને હોય છે અને તે દેવ જો પ્રસન્ન થાય તો જ ફળ મળે. જ્યારે નમસ્કાર મંત્રનો કોઈ અધિષ્ઠાયક દેવ નથી.

• અન્ય મંત્રો ઉચ્ચારમાં અઘરા અને મોટા છે જ્યારે નવકાર ટૂંકો અને સરળ છે.

• નવકાર મંત્ર સર્વ મંત્રોનું ઉત્પતિ સ્થાન છે.

• નમસ્કાર જેવો અન્ય કોઈ મંત્ર નથી. નમસ્કાર આ લોક અને પરલોક ઉભયની સુખ સામગ્રી આપે છે.

• નમસ્કાર મંત્ર કલ્યાણ કલ્પતરૂનું અવંધ્ય બીજ છે.

• બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર છે.

• નમસ્કારને અર્થથી અરિહંત દેવે કહેલો છે. શબ્દથી ગણધર ભગવંતે ગુંથેલો છે.

• જે આત્મા ત્યાગ, સંયમ વગેરેનું આચરણ કરીને પરમ સ્થાને રહેલો હોય તે પરમેષ્ઠિ કહેવાય. આ પાંચ પદ બોલતા પંચપરમેષ્ઠિને નમસ્કાર થાય છે. પંચપરમેષ્ઠિમાં પહેલા બે દેવ છે. પછી ત્રણ ગુરૂ છે. આમ નવકાર ભજતા દેવ તથા ગુરૂને નમસ્કાર થાય છે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષના ઉપાય સધાય છે. એટલે નવકાર મોક્ષનો અદ્ભુત ઉપાય છે.

• સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનું સાધન બને છે. તપનો મહિમા દરેક ધર્મમાં છે, તેમાં પણ જૈન ધર્મને તપપ્રધાન કહે છે.

● નવકાર કલ્પવૃક્ષ, ચિંતામણી, કામધેનુ અને કામકુંભ કરતાં વિશિષ્ટ રીતે સર્વ મનોકામનાઓ પૂર્ણ કરનાર છે.

● જેમ દહિંનો સાર માખણ છે. જેમ કવિતાનો સાર ધ્વનિ છે. તેમ સર્વ ધર્માનુંષ્ઠાનનો સાર નવકાર મહામંત્ર છે.

● નવકાર મંત્ર અલોક અને પરલોકમાં કામધેનું છે.

● નવકાર મંત્ર દુ:ષમ કાળમાં કલ્પવૃક્ષ સમાન છે.

● નવકાર મંત્ર ત્રણેલોક, ત્રણેકાળનો સંપર્ક કરે છે.

● નવકાર મંત્ર જ્ઞાન, ક્રિયા, ભક્તિ એ ત્રણેનો સમુચ્ય છે.

● નવકાર મંત્ર પંદર ક્ષેત્રોમાં ભજવામાં આવે છે.

● આધ્યાત્મિક તપથી ફળ મળે છે. તપથી સંવર નિર્જરા થાય છે. સંવરથી નવા કર્મો બાંધવાની ક્રિયા બંધ પડે છે. નિર્જરાથી કર્મક્ષય થાય છે અને આ બન્ને ક્રિયાથી મોક્ષ મળે છે. આ મહામંત્રનો જાપ આધ્યાત્મિક સુખ અને પરમશાંતિ આપે છે.

● શક્તિશાળી બીજ (પ્રણવ, ૐકાર, હ્રીંકાર, અર્હં) તેમાં છુપાયેલા છે.

- જૈન શાસનનો સાર છે.
- અગિયાર અંગનો ઉધ્ધાર છે.
- ચૌદ પૂર્વનો સાર છે.
- સદૈવ શાશ્વત છે.
- સર્વકાળ માટે શ્રેષ્ઠ છે.
- ત્રણે જગતમાં શ્રેષ્ઠ છે.
- સર્વલોકમાં પ્રસિદ્ધ છે.

● ત્રણલોક-ઉર્ધ્વલોક, અધોલોક, તિર્યંચલોકમાં સર્વ શ્રેષ્ઠ છે અને સમસ્ત ભુવનમાં નારસુખ, સુરસુખ, શિવસુખ આપે છે.

● નવકાર મંત્ર કલ્પવૃક્ષથી, ચિંતામણિ રત્નથી પણ શ્રેષ્ઠ છે. કારણ કે ચિંતામણિ રત્ન ઈચ્છા મુજબ રત્ન, વસ્ત્ર આપે છે. કલ્પવૃક્ષ ઈચ્છા મુજબ ખોરાક આપે છે. અમૃતકળશ ભોજન વગેરે વસ્તુ ઈચ્છા મુજબ આપે છે. પરંતુ નવકાર તો માગ્યા વિના પણ ફળ આપે છે.

● સારગર્ભિત સુંદર શબ્દોથી બનેલ નવકાર મંત્ર સૂત્ર કહેવાય છે.

● જે સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય હોય તેને મંત્ર કહેવાય છે.

● નમસ્કાર મંત્રમાં ૐ, હ્રીં, અર્હં જેવા બીજા અક્ષરો નથી.

● આ મંત્રની રચના યોગ સિદ્ધ દ્વારા થઈ હોય તેને સિદ્ધ મંત્ર કહેવાય છે.

● નવકારમાં આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું માર્ગદર્શન છે. તૃષ્ણાથી હૃદયનો દાહ દૂર કરવા શીતળ લેપ છે.

● આ મહામંત્ર સર્વ ગુણ અને સર્વ શ્રેષ્ઠ પદાર્થનો વિનય છે.

● અન્ય મંત્રથી જે સિદ્ધિ મળે તેના કરતાં ઘણી ઉંચી સિદ્ધિ મળે છે. આ મંત્ર ભણવાથી પાપી આત્માને પણ સદ્‌ગતિ મળે છે.

● જૈન દર્શનમાં વિશ્વ ધર્મના સર્વ તત્ત્વો રહેલા છે.

પેઈજ નં.૨૬

# નમસ્કારનો મહિમા

● નવકાર જાપથી અડસઠ તીર્થની યાત્રા થાય છે.

● નમસ્કાર મંત્રનો મહિમા અદ્‌ભુત છે, અપાર છે, તે દુ:ખને હરે છે, અને સુખને આપે છે.

● નમસ્કાર મંત્ર સુગતિના પુષ્પ સમો છે. શ્રેયોને વિશે પરમ શ્રેય, માંગલિક વિશે પરમ માંગલિક, પુણ્યોને વિશે પરમ પુણ્ય ફૂલોને વિશે પરમ રમ્યરૂપ આ નમસ્કાર છે.

● મંત્રની રચના અક્ષરો વડે થાય છે. અક્ષર મંત્રનો દેહ છે.

● નમસ્કાર મંત્ર એક પ્રકારની વિજળી છે. વિજળીથી જેમ પ્રકાશ થાય છે. તેમ નમસ્કાર મંત્રથી આત્મપ્રકાશ થાય છે.

● વરાળથી યંત્ર ચાલે છે. નમસ્કાર મંત્રથી જીવન યંત્ર ચાલે છે.

● અગ્નિથી ઇંધણ બળે છે. નવકારથી પાપ બળે છે.

● જળથી મેલ દૂર થાય છે. નવકાર રૂપી જળથી કર્મનો મેલ દૂર થાય છે.

● નમસ્કાર મહામંત્ર સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

● સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે.

● નવકાર મહામંત્ર મોહરૂપી દાવાનળને સમાવવા માટે અષાઢી મેઘ સમાન છે.

● નવકાર મંત્ર માતા છે, પિતા છે, સ્વામિ છે, ગુરૂ છે, મિત્ર છે, વૈદ્ય છે. ધર્મ છે, દેવ છે, સત્ય છે...

● નવકાર મંત્ર પૃથ્વી પરનું અમૃત છે.

● નવકાર મંત્ર સંસાર સમુદ્રમાં જહાજ છે.

- નવકાર મંત્ર સ્વર્ગ અને મોક્ષનો રાજ માર્ગ છે.
- નવકાર મંત્ર પરમજ્ઞાન છે, પરમજ્ઞેય છે.
- નવકાર મંત્ર શાશ્વત છે, પરમ છે, આત્મસ્વરૂપ છે.
- નવકાર મંત્ર મહાનશક્તિનો પૂંજ છે.
- નવકાર મંત્રથી આત્મ પ્રકાશ થાય છે.
- નવાકર મંત્રના સ્મરણથી પાપો બળે છે.
- નવકાર મંત્ર તમામ બીજ મંત્રોના મૂળમાં રહેલો છે.
- નવકાર મંત્ર અપરાજીત મંત્ર છે.
- નવકાર મંત્ર જગતનું હિત સાધનાર છે.
- નવકાર મંત્રના જાપથી અજ્ઞાન, કષાય, પ્રમાદનું નિવારણ થાય છે.
- નવકાર મંત્ર ઉભયલોકમાં સુખનું મૂળ છે.
- નવકાર મંત્ર મહાશ્રુત સ્કંધ તરીકે પ્રસિદ્ધ છે.

પેઈજ નં.૨૭

## ફળ

- પંચ પરમેષ્ઠિને કરેલ નમસ્કાર સંસાર રૂપી સમુદ્રમાં ભટકતાં પ્રાણીને નવજીવન આપે છે.
- સુતા ઉઠતાં હંમેશા નવકાર ગણવાથી દુઃખ દર્દ અવશ્ય નાશ પામે છે.
- જન્મ સમયે નવકાર સંભળાવવાથી બાળકને જીવનમાં રિદ્ધિ સિદ્ધિ મળે છે.
- મૃત્યુ વખતે નવકારનો જાપ કરવાથી પરલોકમાં સારી ગતિ મળે છે.
- નવકાર અરિષ્ટનો નાશ કરનાર સુદર્શન ચક્ર છે.
- આચાર્ય સિદ્ધસેન મુજબ નવકાર લૌકિક તથા પરલોકના સુખો આપનાર કામધેનુ છે.
- નવકાર ચૌદ પૂર્વનો સાર એટલે શ્રુતજ્ઞાનનું માખણ છે.
- પરમ પદની પ્રાપ્તિનું જે કારણ છે તે નવકાર મંત્ર જ છે.
- જે વિધિ પૂર્વક નવકાર મંત્રના ૧ લાખ જાપ કરે તે તીર્થંકર નામ ગોત્ર અવશ્ય બાંધે છે તેમાં કોઈ શંકા નથી.
- પંચ મહાવિદેહ ક્ષેત્રમાં જ્યાં એક પ્રકારનો શાશ્વત સમય રહે છે ત્યાં પણ નવકાર મંત્રના જાપ થાય છે. પાંચ ભરત, પાંચ ઐરાવત ક્ષેત્રમાં પણ સુખ આપનાર નવકાર મંત્ર જ છે.
- કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જિનધર્મ અનાદિ છે. અનાદિકાળથી નવકાર મંત્રના જાપ થાય છે.
- નવકારના પ્રભાવથી ડાકણ, વેતાળ, રાક્ષસનો ભય રહેતો હોતો નથી.

- નવકાર જાપથી દુ:ખ, દર્દ, અગનિ, ચોરનો ભય રહેતો નથી.
- નવકાર મંત્રના સ્મરણ થી આત્મામાં વીતરાગ ભાવ વિક્સે છે.
- નવકાર મંત્ર સદ્બુદ્ધિ, સદ્વિચાર, સત્કર્મો આપે છે.
- નવકાર બોલવાથી ૬૮ તીર્થોનું પૂન્ય થાય છે.
- સર્વ માંગલિકોનું મૂળ છે.
- સ્વયંસિદ્ધ છે.
- સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.
- સર્વ મંત્રમાં નાયક છે.
- કલ્પતરૂથી પણ અધિક મહિમાવાળો છે.
- મોક્ષ આપનાર છે.
- અટવિ, પર્વત, અરણ્યમાં નવકારનો જાપ પરમ શાંતિને આપે છે.
- આઠ કર્મનો નાશ કરનાર છે.
- એક એક અક્ષરના ઉચ્ચારણમાં અનંત કર્મનો ઘાત થાય છે.

## નવકાર મંત્રની આરાધના વિધિ

**મંત્રનું વારંવાર રટણ કરવું તેને જાપ કહેવાય છે**

- જપ એટલે સ્મરણનું વિશિષ્ટ રૂપ.
- જપના 'જ' થી જન્મનો વિચ્છેદ થાય છે.
- જપના 'પ' થી પાપનો નાશ થાય છે એટલે મુક્તિ મળે છે.
- જપ વિધિ પૂર્વક કરવાથી સિદ્ધિ મળે.
- જપ એ ધાર્મિક ક્રિયા છે.
- જપ એક તપ છે.
- માનસ શાસ્ત્ર મુજબ જપ વારંવાર કરવાથી આંતરમન પર અસર થાય છે.
- જાપ એટલે ધ્યાન.
- જેનાથી વસ્તુનું ચિંતન થાય.

### મંત્ર જાપ – ધ્યાન કરવા

- ઉઠતી વખતે પથારી પર બેસી, સૂર્યોદય પહેલા આશરે ૧ કલાક ૩૬ મિનિટ પહેલા જાગીને નમસ્કાર ગણવો..

● અગર બાજુમાં જમીન પર આસન રાખી, પૂર્વ કે ઉત્તર બાજુ જ્યાં જિન– પ્રતિમા હોય તે દિશામાં મુખ રાખી જાપ કરવા.

(પૂર્વમાં મહાવિદેહ ક્ષેત્ર અને ઉત્તરમાં મેરૂ પર્વત છે માટે)

**જાપ જુદા જુદા પ્રકારે થાય છે.**

(૧) ધારણા કરીને જાપ, ૨) કર જાપ, ૩) માળાથી જાપ

પેઈજ નં.૭૭

# માળા ગણવા માટે નીચેની વિગત ધ્યાન રાખવી

- પોતાની જ માળા વાપરવી
- પ્રતિષ્ઠા કરેલ માળા વાપરવી
- સુતર/સુખડની માળા વાપરવી
- હંમેશ એક જ માળા વાપરવી
- એક જ જગ્યાએ બેસી માળા ફેરવવી
- એક જ આસન સફેદ ઉનનું રાખવું
- શુદ્ધ કપડા પહેરવા
- દરરોજનો સમય એક જ રાખવો
- એક જ દિશા રાખવી

- ખાસ કરીને સવારના ૧૦ વાગ્યા સુધી પૂર્વ બાજુ જોઈને માળા ફેરવવી.
- સૂર્યાસ્ત પછી ઉત્તર બાજુ મુખ રહે તેમ માળા ફેરવવી.
- સવારે ૬, બપોરે ૧૨, સાંજે ૬ વાગ્યે નવકાર જાપ ઉત્તમ.
- દિવસના ૧૦ પછી, સૂર્ય અસ્ત પછી ૧ કલાક સુધી જાપનો સમય યોગ્ય નથી.
- માળા ગણતી વખતે મણકાને નખ ન અડવો જોઈએ.
- માળા હ્રદય સ્પર્શ કરે તમ રાખવી.
- માળા ગણતી વખતે નાભીથી નીચે અને મુખથી ઉપર ન રાખવી.
- માળાની ઉપર એક ફુમતું અથવા મોટો મણકો હોય છે. તેને મેરૂ કહેવાય છે. તેનું માન જાળવવું.
- જુદા જુદા કાર્ય માટે જુદી જુદી માળા, જુદા જુદા રંગની માળા ગણવી.
- પંચપરમેષ્ઠિના કૂલ ૧૦૮ ગુણ છે માટે માળાના મણકા પણ ૧૦૮ જોઈએ.

## નવકારવાળી

- સુરતની નવકારવાળીનો જાપ સુખ આપે છે.

- ચાંદીની નવકારવાળીનો જાપ શાંતિ આપે છે.
- સોનાની નવકારવાળીનો જાપ સૌભાગ્ય આપે છે.
- મોતીની નવકારવાળીનો જાપ આરોગ્ય આપે છે.
- પ્લાસ્ટીક, લાકડાની નવકારવાળી ન વાપરવી.
- શંખની નવકારવાળીનો જાપ ૧૦૦ ગણો લાભ આપે.
- પ્રવાળની નવકારવાળીનો જાપ ૧૦૦૦ ગણો લાભ આપે.
- સ્ફટિકની નવકારવાળીનો જાપ ૧૦,૦૦૦ ગણો લાભ આપે.
- મોતીની નવકારવાળીનો જાપ ૧,૦૦,૦૦૦ ગણો લાભ આપે.
- સોનાની નવકારવાળીનો જાપ ૧૦ કરોડ ગણો લાભ આપે.
- ચંદનની નવકારવાળીનો જાપ ૧૦૦ કરોડ ગણો લાભ આપે.
- રત્નની નવકારવાળીનો જાપ ૧૨,૦૦૦ કરોડ ગણો લાભ આપે.

પેઈજ નં.૯૫

# નવકાર જાપ કરવાની રીત

**ખાસ કરીને જાપ કરવાની રીત ત્રણ છે.**

**(૧) પૂર્વાનુ પૂર્વી** – ક્રમવાર પદ ગણવા.

**દા.ત.** નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં... વગેરે ક્રમ મુજબ.

**(૨) પશ્ચિમાનુ પૂર્વી** – ઉત્ક્રમ, ઉલ્ટાવી ગણવું.

તેના બે પ્રકાર છે.

૧ પદથી ઉત્ક્રમમાં,

૨ અક્ષરથી ઉત્ક્રમમાં,

**દા.ત. ૧.** પદથી– પઢમં હવઈ મંગલં મંગલાણં ચ સવ્વેસિં... વગેરે પદના ઉત્ક્રમથી છે.

૨. લંગમં ઈવહ મંઢપ... સવ્વેસિં ચ ણંલાગમં... વગેરે અક્ષરના ઉત્ક્રમથી છે.

**(3) અનાનુપૂર્વી**

ક્રમ વિના બોલવામાં આવે તેને અનાનુપૂર્વી નવકાર જાપ કહેવાય છે. અનાનુપૂર્વીની જુદી જુદી પદ્ધતિ હોય

છે. તેમાં પદના અલગ અલગ ક્રમ વિના આંકડાં હોય છે.

અનાનુપૂર્વી પાંચ પદ અને નવ પદ બન્નેમાં હોય છે. પાંચ પદમાં અનાનુપૂર્વીમાં કુલ ૨૦ યંત્રો હોય છે. દરેકમાં આડા પાંચ, ઉભા ૬ મળી કુલ ૩૦ ખાના હોય છે. આડા ખાનામાં ૧ થી ૫ સુધીનો આંક અલગ અલગ રીતે હોય છે. જેનો સરવાળો ૧૫ હોય છે. તેના આંક મુજબ નવકારનો પદ બોલવો. દરરોજ એક અનાનુપૂર્વી અવશ્ય ગણવી. તેને પંદરિયો મંત્ર પણ કહેવાય છે. નવપદમાં દરેકમાં આડા નવ અને ઉભા નવ મળીને કુલ એકાસી ખાના હોય છે. આઢા ખાનામાં ૧ થી ૯ સુધીનો આંક અલગ અલગ રીતે દર્શાવેલ હોય છે. તેના આંક મુજબ નવકારનો પદ બોલવો.

jainuniversity.org

**દા.ત.:** ૭ આંક હોય તો સવ્વપાવપ્પણાસણોના જાપ કરવા.

૨ આંક હોય તો નમો સિદ્ધાણંના જાપ કરવા.

à¢éh±›ï {Úê ç±±ïÜU, çÎÝ çÎÝ Ðíy²ïx¢‡¢±è »ÜU.

»}¢¥ÝÇÝÐê±èü..ïx¢‡¢ï, ¼ïÐ¢æ™„¢ï„¢x¢ÚÝ¢Ð¢ÐÝï ã‡¢ï.

પેઈજ નં.૯૬

# જાપ કરવાના મુખ્ય પ્રકાર

**૧) માનસ જાપ–** મનની અંદર જાપ કરવા. હોઠ બંધ રાખવા, દાંત ખુલ્લા રાખવા. માત્ર પોતે જ જાણી શકે તેને માનસ જાપ કહેવાય. શાંતિ–ઉત્તમ કાર્ય માટે ઉપયોગી, શ્રેષ્ઠ જાપ ગણાય છે.

**૨) ઉપાંશુ જાપ–** મૌન પણે જાપ કરવાં. હોઠનો ફફડાટ વ્યવસ્થિત રાખવો. બીજાને સંભળાય નહીં તે રીતે મનમાં બોલવું. મધ્યમ કાર્ય માટે ઉપયોગી મધ્યમ જાપ ગણાય છે.

**૩) ભાષ્ય જાપ –** શુદ્ધ ઉચ્ચારથી કરવા. ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઈએ. બીજા સાંભળી શકે તે રીતે બોલવું. પોતાના સ્વકાર્ય માટે ઉપયોગી.

## જાપ કરનારની યોગ્યતા

સાધકની યોગ્યતા માટે તેમણે નમસ્કાર મંત્રની ગ્રહણ વિધિ કરેલી હોવી જોઈએ. એટલે સાધના પહેલા મંત્ર ગ્રહણવિધિ કરવી. વિધિ નીચે મુજબ છે.

૧) શુભ દિવસ–શુભ મુહૂર્ત લેવું.

૨) શુભ સ્થળ લેવું.

૩) તીર્થંકર ભગવાનના ફોટા–પાસે ઘીનો દીવો, ધૂપ કરવો.

૪) સ્થળ આસોપાલવથી શણગારવું.

૫) તે દિવસે તપશ્ચર્યા કરવી અને શુદ્ધ થઈને ગુરૂ પાસે આવવું.

૬) ગુરૂને ત્રણવાર પંચાંગ પ્રણિપાત કરવા.

૭) ચૈત્યવંદન કરવું.

૮) ગુરૂને પ્રાર્થના કરવી. 'હે ગુરૂ ! હું આપને પ્રણામ કરૂ છું. આપ મને શ્રી નમસ્કાર મહામંત્ર પ્રદાન કરો.'

૯) ગુરૂએ સાધકના જમણાં કાનમાં ૬૮ અક્ષરવાળો નવકાર સંભળાવવો.

૧૦) ગુરૂને પ્રણામ કરી, આભાર માનવો અને જાપ કરવાની મંજૂરી માંગવી.

૧૧) સ્તવન ગાવું. ૧૨) ગુરૂ પાસે માંગલિક સાંભળવું.

# અક્ષરમાલા

રાત્રે છેલ્લા પ્રહરમાં શ્વેત આકાશ તેના પર નમો અરિહંતાણં–સફેદ અક્ષરથી લખવું. (ચિંતવવું)

૨) સવાર થઈ. સૂર્ય પ્રકાશથી લાલાશ થઈ. નમો સિદ્ધાણં લાલ અક્ષરથી લખવું. (ચિંતવવું)

૩) મધ્યાહ્ન–બપોર થઈ. સૂર્ય પ્રકાશ વધવાથી આકાશ પીળા રંગનું તાય ત્યારે નમો આયરિયાણં પીળા અક્ષરથી લખવું. (ચિંતવવું)

૪) સૂર્યાસ્ત વખતે આકાશમાં લીલા રંગની ચમક થાય છે. નમો ઉવજ્ઝાયાણં– લીલા અક્ષરથી લખવું. (ચિંતવવું)

૫) મધ્યરાત્રી સમયે, અંધકાર આકાશમાં ફેલાય ત્યારે નમો લોએ સવ્વસાહૂણં કાળા અક્ષરથી લખવું.

(ચિંતવવું)

પેઈજ નં.૮૫

# કર જાપ (હસ્ત જપ)

ધારણા, કલ્પના કરી જાપ કરતાં ન ફાવે તો, કરજાપ–હસ્ત જાપ થઈ શકે. કર એટલે હાથ. આંગળીના વેઢાનો ઉપયોગ કરી બાજુના ચિત્રમાં દર્શાવેલ આંકના ક્રમ પ્રમાણે નવકાર મંત્રનો જાપ કરવો એટલે કે ચિત્રમાં દર્શાવેલ આંક એકથી બાર મુજબ ક્રમવાર નવકાર ગણવા. તેને એક આર્વત કહેવાય છે.

આ રીતે જુદા જુદા આવર્ત મુજબ ડાબા–જમણા હાથ ઉપર આંગળી વેઢા મારફત ૯ કે ૧૨ વખત આંક જુદી જુદી રીતે બતાવ્યા મુજબ નવકાર ગણી શકાય. વારંવાર એટલે નવ વખત કે બાર વખત નવકાર ગણવાથી ૧૦૮ નવકારની એક માળા પણ થઈ શકે. આવર્તથી જાપ કરવા શ્રેષ્ઠ છે.

જુદા જુદા હેતુ માટે આવર્તની જુદી જુદી પદ્ધતિ હોય છે. આ આવર્ત નંદ્યાવર્ત, શંખાવર્ત, ૐકારાવર્ત, હ્રીંકારાવર્ત, શ્રીકારાવર્ત, સિદ્ધાવર્ત, નવપદાવર્ત વગેરે અનેક પ્રકારના છે.

## કમલ બદ્ધ નવકાર જાપ

**શ્રી હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રના ૮માં પ્રકાશનમાં કહ્યું છે. :–**

- બંધ આંખે હૃદયની મધ્યમાં ઉઘડેલા આઠ પાંખડી અને મધ્યમાં કર્ણિકા યુક્ત **સફેદ કમળ**ની કલ્પના કરવી.
- મધ્ય કર્ણિકામાં પ્રથમ પદ ઉપર સફેદ રંગમાં **નમો અરિહંતાણં**ની સ્થાપના કરવી અને ધ્યાન કરવું.
- તે બાદ પૂર્વ દિશામાં પાંખડીમાં બીજા પદ ઉપર લાલ રંગમાં **નમો સિદ્ધાણં**ની સ્થાપના કરવી.
- તે બાદ દક્ષિણ દિશામાં પાંખડીમાં ત્રીજા પદ **નમો આયરિયાણં**ની સ્થાપના કરવી.
- તે બાદ પશ્ચિમ દિશામાં પાંખડીમાં ચોથા પદ **નમો ઉવજ્ઝાયાણં**ની સ્થાપના કરવી.
- તે બાદ ઉત્તર દિશામાં પાંખડીમાં પાંચમાં પદ **નમો લોએ સવ્વસાહૂણં**ની સ્થાપના કરવી.
- તે બાદ ચાર ખૂણાની પાંખડીમાં અનુક્રમે અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન દિશામાં ચાર ચૂલિકાના પદ

**એસો પંચનમુક્કારો**

**સવ્વપાવપ્પણાસણો**

**મંગલાણં ચ સવ્વેસિં**

**પઢમં હવઈ મંગલં**ની ક્રમવાર સ્થાપના ધારવી. મન, વચન, કાયાની શુદ્ધિથી મૌન પણે ૧૦૮ વાર નવકારનું ચિંતન કરે તો એક ઉપવાસનું ફળ મળે.

વિધિ પૂર્વક કોઈપણ મંત્રના જાપ કરીએ તો અવશ્ય ફળ મળે છે.

<u>આરાધનાના ત્રણ પ્રકાર છે.</u>

jainuniversity.org

**(૧) ઉત્કૃષ્ટ આરાધના**

૧૮ દિવસના ઉપધાન તપની અખંડ આરાધના

- અખંડ પૌષધ સહિતની ૧૮ અહોરાતની આરાધના
- ૩૬,૦૦૦ નવકાર મંત્રનો જાપ
- ૧૮૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ
- ૧૮૦૦ ખમાસમણા
- ૯ ઉપવાસ ૯ નીવિ એકાસણા

**દરરોજની નિત્ય આરાધના**

- બે વાર પ્રતિક્રમણ–પડિલેહણ, નાના મોટા દેવવંદન–ત્રણવાર.
- અખંડ જીવ રક્ષાનું પાલન. વ્યાખ્યાન શ્રવણ. સાધર્મિક ભક્તિ.
- ૧૮ દિવસ પછી ગુરૂ મુખે નવકાર ગ્રહણ કરવા.

પેઈજ નં.૪૪

**(૨) બીજો આરાધના વિધિઃ–** મધ્યમ આરાધના વિધિ

- નવકાર મંત્રના એક લાખ જાપની આરાધના
- એક નવકાર ગણી એક ફુલ પ્રભુને ચઢાવવા પૂર્વક દરરોજના ૫,૦૦૦ નવકાર મંત્રનો જાપ શુભ દિવસે શરૂ કરવો.
- અઢાર દિવસના ખીરના સળંગ એકાસણા કરવા અથવા આયંબિલ કરવા.

**(3) જઘન્ય આરાધના વિધિઃ–** લઘુ આરાધના વિધિ

- નવકાર મંત્રની ૯ દિવસની લઘુ આરાધના
- ૯ દિવસના એકાસણા કરવા.
- દરરોજના ૨,૦૦૦ જાપની આરાધના કરવી.
- આરાધનાના દિવસે, રાત્રે, સુખમાં કે દુ:ખમાં કોઈપણ સમયે પરમેષ્ઠિઓનું ધ્યાન ધરવું

પેઈજ નં.૪૫

# ઉપધાન

નવકાર મંત્ર વિધિ પૂર્વક ગ્રહણ કરેલો હોવો જોઈએ. નમસ્કાર મંત્ર એક મહાશ્રુતસ્કન્ધ છે. કોઈપણ શ્રુતનું સંપૂર્ણ પાલન કરવા માટે નવકાર મંત્રના ઉપધાન કરવામાં આવે છે. જેનાથી શ્રુતજ્ઞાનની પુષ્ટિ થાય તે ઉપધાન. ઉપ એટલે સમીપે. ધાન એટલે ધારણ કરવું. તપસ્યા કરીને ગુરૂ મહારાજની સમીપે વિધિપૂર્વક નમસ્કાર ધારણ કરવા તે તપને ઉપધાન કહેવાય છે.

jainuniversity.org

ઉપધાન–તપમાં–નીચે મુજબ ક્રિયા કરવામાં આવે છે.

૧ લાખ નવકારનો જાપ.

૭ હજાર લોગસ્સનું ધ્યાન.

દોઢેક હજાર નમુત્થુણંનો પાઠ

૪૭ દિવસ સુધી પૌષધની આરાધના.

૨૧ ઉપવાસ, ૧૦ આયંબિલ, ૧૬ નીવિ.

હજારો પંચાગ–પ્રણિપાત (ખમાસમણા)

મહાનિશીથ સૂત્રમાં જણાવેલ છે કે શ્રાવકોએ ઉપધાન તપ વિના નમસ્કાર વગેરે સૂત્રોનું ભણવું નિષેધ છે.

- શ્રેષ્ઠ મુહૂર્ત જોઈને ઉપધાન શરૂ કરવા.
- ગુરૂની નિશ્રામાં રાત–દિવસ પૌષધમાં રહીને ઉપધાન કરવાનો નિયમ છે.
- ૧૮ દિવસમાં ૧૨ ઉપવાસ કરવા. અગર ૫ ઉપવાસ, ૮ આયંબિલ, ૩ ઉપવાસ કરવા.
- ગુરૂની નિશ્રામાં પ્રથમ પાંચ ઉપવાસ કરવા તે બાદ...

પેઈજ નં.૪૬

ત્યાર બાદ આઠ આયંબિલ કરવી તે બાદ ત્રણ ઉપવાસ કરીને શુભ દિવસે શુભ મુહૂર્ત જોઈને આજ્ઞા મેળવવી. અને સૂત્ર તથા અર્થને ધારણ કરવા. અગર તો અઢાર દિવસ સુધી ઉપવાસ / નીવિ એકાંતરે પણ કરી શકાય. કોઈપણ મંત્રને સિદ્ધ કરવા માટે તપ, જપ, ક્રિયા વગેરે કરવી પડે, તો જ સિદ્ધ થાય. તો અપૂર્વ નમસ્કાર જે મહામંત્ર છે. તેને સિદ્ધ કરવા આકરી તપશ્ચર્યા કરવી પડે. બે આયંબિલે એક ઉપવાસ ગણાય. ત્રણ નીવિએ એક ઉપવાસ ગણાય. ચાર એકાસણે એક ઉપવાસ ગણાય.

[illegible] કે, નવકાર યા બીજા કોઈ મંત્રના જાપ કરવાથી સિદ્ધિ મળતી નથી. [illegible]